Subject : સામાજિક વિજ્ઞાન
Standard : ધોરણ 6
Chapter : 4
Name : _______________

# પે.સે.કુમાર શાળા રાણા વડવાળા
# તા. રાણાવાવ, જિ. પોરબંદર

Exam Time : 3 Hours
Date : 19/05/2020
Marks : 85
Roll No. : ____________

---

1 યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો (Marks - 20)

1. મહાજનપદ કેટલાં હતાં?
   A. 17 B. 18 C. 16 D. 19
2. મહાજનપદો કયા કાળમાં હતાં ?
   A. આધુનિક B. વૈદિક C. અનુવૈદિક D. મધ્યકાલીન
3. નીચેનાં રાજ્યોમાંથી કયું રાજ્ય ગણરાજ્ય કહેવાતું હતું ?
   A. મગધ B. કોસલ C. વત્સ D. વૈશાલી
4. જનપદોમાં કેટલા પ્રકારની રાજ્યવ્યવસ્થા સ્થાપિત હતી ?
   A. એક B. બે C. ત્રણ D. ચાર
5. ભારતમાં રાજકીય વ્યવસ્થાની માહિતી કયા ગ્રંથમાંથી મળતી નથી?
   A. વેદમાંથી B. મહાકાવ્યોમાંથી C. ભગવદ્ગીતામાંથી D. બૌદ્ધગ્રંથોમાંથી
6. વૈદિકકાળમાં રાજવ્યવસ્થાનું સ્વરૂપ કેવું હતું ?
   A. પ્રમુખશાહી શાસનવ્યવસ્થાનું
   B. કબિલાઈ શાસનવ્યવસ્થાનું
   C. લોકશાહી શાસનવ્યવસ્થાનું
   D. ગણરાજ્ય શાસનવ્યવસ્થાનું
7. 'જનપદ' શબ્દ કયા અર્થમાં વપરાતો હતો?
   A. રાજ્યના B. જિલ્લાના C. પ્રદેશના D. હોદાના
8. ઈ. સ. પૂર્વે છઠ્ઠી સદીમાં ભારતમાં કેટલાં મહાજનપદો હતાં ?
   A. 12 B. 16 C. 18 D. 20
9. પાલિ ભાષામાં લખાયેલા ક્યા ગ્રંથ અનુસાર અનુવૈદિકકાળમાં 16 જેટલાં મહાજનપદો હતાં?
   A. 'સૂત્તપિટ્ટક' B. 'વિનયપિટ્ટક' C. 'અભિધમ્મપિટ્ટક' D. 'અંગુત્તરનિકાય'
10. મલ્લ' મહાજનપદની રાજધાની કઈ હતી ?
    A. ચંપા B. વૈશાલી C. કુશીનારા D. વારાણસી
11. 'શ્રાવસ્તી' કયો મહાજનપદની રાજધાની હતી ?
    A. કાશી B. વત્સ C. કોસલ D. પાંચાલ
12. દિલ્લી અને મેરઠ આસપાસનો પ્રદેશ કયા મહાજનપદનો રાજ્યવિસ્તાર હતો ?
    A. ચેદિનો B. કાશીનો C. અંગનો D. કુરુનો
13. ગોદાવરી નદીના કિનારે કયા મહાજનપદનો રાજ્યવિસ્તાર આવેલો હતો?
    A. ચેદિનો B. મત્સ્યનો C. અશ્મકનો D. અવંતિનો
14. વિરાટનગર' ક્યા મહાજનપદની રાજધાની હતી ?
    A. કમ્બોજની B. મત્સ્યની C. અવંતિની D. ગાંધારની
15. રાજાશાહી રાજ્યવ્યવસ્થામાં કોને પ્રમુખ ગણવામાં આવતો ?
    A. નાગરિકને B. પ્રધાનને C. સેનાપતિને D. રાજાને
16. નીચેના પૈકી કયું રાજ્ય રાજાશાહી રાજ્યવ્યવસ્થા ધરાવતું હતું ?
    A. મગધ B. કુશીનારા C. મિથિલા D. વૈશાલી
17. નીચેના પૈકી કયું રાજ્ય ગણરાજ્ય કહેવાતું હતું?
    A. કોસલ B. વત્સ C. વૈશાલી D. અવંતિ

BHAVDIP VADHER

18. 16 જેટલાં મહાજનપદોમાં કયું રાજ્ય સૌથી વધુ શક્તિશાળી હતું ?
A. અવંતિ B. મગધ C. કોસલ D. કાશી

19. હર્યકવંશની સ્થાપના કોણે કરી હતી?
A. બિંદુસારે B. અજાતશત્રુએ C. શિશુનાગે D. બિંબિસારે

20. કોના સમયમાં પાટલિપુત્ર (પટના) મગધની રાજધાની બની હતી ?
A. અશોકના B. અજાતશત્રુના C. બિંદુસારના D. બિંબિસારના

21. નીચેનામાંથી ક્યો રાજા નાગવંશનો શાસક હતો?
A. મહાપદ્મનંદ B. ધનનંદ C. શિશુનાગ D. પ્રસેનજિત

22. ભારતમાં સૌપ્રથમ સામ્રાજ્યનું નિર્માણ કોણે કર્યું હતું?
A. બિંબિસારે B. મહાપદ્મનંદ C. અજાતશત્રુએ D. ચંદ્રગુપ્ત મૌર્યે

23. સિકંદરે ભારત પર આક્રમણ કર્યું ત્યારે મગધ પર કયો રાજા શાસન કરતો હતો ?
A. અશોક B. પોરસ C. બિંદુસાર D. ધનનંદ

24. ગણરાજ્યોની રાજ્યવ્યવસ્થા સંપૂર્ણપણે કોના પર આધારિત હતી ?
A. રાજા પર B. પ્રમુખ પર C. લોકો પર D. લશ્કર પર

25. ગણરાજ્ય રાજ્યવ્યવસ્થામાં પ્રત્યેક સભ્યને કયો દરજ્જો આપવામાં આવતો ?
A. ‘રાજા'નો B. ‘સામંત'નો C. ‘અમાત્ય’નો D. ‘સેનાપતિ’નો

26. વજ્જિસંઘ ગણરાજ્યનું મુખ્ય સ્થાન કર્યું હતું ?
A. વારાણસી B. કૌશામ્બી C. મિથિલા D. વૈશાલી

27. વૈશાલીના વજ્જિસંઘમાં ક્યા રાજ્યનો સમાવેશ થતો નથી ?
A. મિથિલા B. વૈશાલી C. કોસલ D. કુશીનારા

28. ગણરાજ્યમાં રાજ્યની બધી સત્તા કોની પાસે રહેતી ?
A. પ્રમુખ પાસે B. રાજા પાસે C. સભ્યો પાસે D. મહાઅમાત્ય પાસે

29. ગણસભાનું સભાસ્થળનું શું નામ હતું ?
A. સંથાગાર B. સચિવાલય C. રાજગૃહ D. રાજસભા

30. ગણરાજ્યમાં પ્રત્યેક સભ્યને શું ગણવામાં આવતો?
A. સૈનિક B. રાજા C. સામંત D. સલાહકાર

31. ગણરાજ્યોની રાજ્યવ્યવસ્થા કયા સ્વરૂપની હતી ?
A. રાજાશાહી B. સામંતશાહી C. લોકશાહી D. પ્રમુખશાહી

32. ગણરાજ્યમાં કઈ સમિતિ પ્રમુખને રાજ્યવહીવટમાં મદદ કરતી ?
A. સલાહકાર સમિતિ B. સલામતી સમિતિ C. સંધિવિગ્રહ સમિતિ D. કાર્યવાહક સમિતિ

33. મહાજનપદ સમયની શાસનવ્યવસ્થામાં ખેડૂતો ખેતીનો કેટલામો ભાગ રાજકોષમાં જમા કરાવતા?
A. ચોથો B. છઠ્ઠો C. આઠમો D. ત્રીજો

34. ગણરાજ્યની રાજ્યવ્યવસ્થામાં પશુપાલકો કરના ભાગરૂપે શું આપતા?
A. દૂધ B. ચામડાં C. ઘી D. પશુઓ

35. યમુના અને નર્મદા વચ્ચેનો વર્તમાન પ્રદેશ કયા મહાજનપદનો સીમાવિસ્તાર હતો?
A. કોસલનો B. સૂરસેનનો C. પાંચાલનો D. ચેદિનો

36. પ્રખ્યાત તક્ષશિલા કયા મહાજનપદ રાજ્યની રાજધાની હતી ?
A. ગાંધાર B. કમ્બોજ C. અવંતિ D. કાશી

37. માળવાનો પ્રદેશ ક્યા મહાજનપદમાં આવેલો હતો?
A. મત્સ્ય B. અવંતિ C. કાશી D. ચેદિ

38. દક્ષિણ ભારતમાં આવેલા એકમાત્ર મહાજનપદનું નામ જણાવો.
A. ભૃગુકચ્છ B. અંગ C. કુરુ D. અશ્મક

39. ગણરાજ્ય સમયમાં રાજ્યને કર આપવામાં કોનો સમાવેશ થતો નહોતો?
A. ખેડૂત B. સૈનિક C. પશુપાલક D. વેપારી

BHAVDIP VADHER

40. મહાજનપદ સમયમાં કિલ્લાઓ બાંધવામાં કયું કારણ બંધબેસતું નથી?
    A. રાજ્યનું રક્ષણ કરવા માટે
    B. પડી રહેલી ઈંટોનો ઉપયોગ કરવા માટે
    C. પોતાની શક્તિ અને સમૃદ્ધિનું પ્રદર્શન કરવા માટે
    D. લોકોને રોજગારી આપવા માટે

**2 ખાલી જગ્યા પૂરો** **(Marks - 10)**

41. કબિલાઈ શાસનવ્યવસ્થામાં તેના વડાને .......... કહેવામાં આવતો.
42. જનપદ શબ્દ ...........ના અર્થમાં વપરાતો.
43. ગોરખપુર આસપાસનો પ્રદેશ ........... મહાજનપદનો સીમાવિસ્તાર હતો.
44. વજ્જિ મહાજનપદની રાજધાની ..........હતી.
45. 'અંગુત્તરનિકાય' ગ્રંથ ...........ભાષામાં લખાયેલ છે.
46. મગધની રાજધાની .........હતી.
47. રાજગૃહ ........... અને નદીના કિનારે........... આવેલું હતું.
48. અજાતશત્રુએ ...........ને રાજધાની બનાવી હતી.
49. મહાપદ્મનંદ દ્વારા સ્થાપિત ............ સૌથી શક્તિશાળી વંશ હતો..
50. 'ગણ'નો સામાન્ય અર્થ ........થાય છે.
51. લોકો દ્વારા પસંદ કરવામાં આવતા રાજાના રાજ્યને .............કહેવામાં આવતું.
52. વજ્જિસંઘ સંઘરાજ્યનું મુખ્ય સ્થાન લિચ્છવીઓનું પાટનગર .............હતું.
53. ગણરાજ્યમાં રાજ્યની બધી સત્તા ...........પાસે હતી.
54. ગણરાજ્ય સંઘનું સભાસ્થળ ............. તરીકે ઓળખાતું.
55. ગણરાજ્ય સમયમાં લોકો ..............માંથી બનાવેલાં વાસણોનો વધુ ઉપયોગ કરતા હતા.
56. ગણરાજ્ય સમયમાં ચિત્રાંકન કરેલા માટીના વાસણને .........કહેવામાં આવતું.
57. ઉત્તર પ્રદેશના ............... શહેરમાંથી આશરે 2500 વર્ષ પહેલાંની ઈંટોની દીવાલ મળી આવી છે.
58. ગણરાજ્ય સમયમાં .............ની આસપાસ કિલ્લાઓ બાંધવામાં આવતા.
59. ગણરાજ્ય સમયમાં .............વર્ગ એક માસમાં એક દિવસ રાજ્યને કામ કરી આપતો.
60. મહાજનપદોના સમયગાળામાં ..........નાં ઓજારોને લીધે ખેતીમાં સુધારો થવા લાગ્યો હતો.

**3 નીચેના વિધાન ખરા છે કે ખોટા તે જણાવો** **(Marks - 10)**

61. પંજાબ અને ગંગાનદીના વિસ્તારમાં જુદા જુદા સમૂહોનાં પ્રારંભિક રાજ્યોની સ્થાપના થઈ હતી.
62. જનપદ'નો અર્થ 'માણસને આપવામાં આવતું પદ' એવો થાય છે.
63. ઈ. સ. પૂર્વે છઠ્ઠી સદીની આસપાસ ભારતમાં વીસ જેટલાં મહાજનપદો જોવા મળે છે.
64. ચંપા 'અંગ' મહાજનપદની રાજધાનીનું સ્થળ હતું.
65. ગાંધાર મહાજનપદની રાજધાની લાજપુર હતી.
66. બુદ્ધના સમયમાં મગધ રાજ્ય શક્તિશાળી મહાજનપદ બન્યું હતું.
67. બિંબિસાર અને અજાતશત્રુ અવંતિના મહાન રાજાઓ હતા.
68. શિશુનાગ જૈનધર્મ સાથે સંકળાયેલ હતો.
69. મગધમાં હર્યકવંશ બાદ નાગવંશ સત્તા પર આવ્યો હતો.
70. બિંબિસારના પુત્રનું નામ અજાતશત્રુ હતું.
71. ગણરાજ્ય એટલે લોકો દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ચૂંટાયેલા વડા દ્વારા શાસિત રાજ્ય.
72. એક કરતાં વધારે સભ્યોની સંખ્યાની મદદથી ચાલતા રાજ્યને ગણરાજ્ય કહી શકાય.
73. ગણરાજ્યોએ ઊભો કરેલ સંઘ મહાસંઘ તરીકે ઓળખાયો હતો.

BHAVDIP VADHER

74. ગણરાજ્યમાં રાજાને રાજ્યવહીવટમાં પ્રધાનમંડળ મદદ કરતું.

75. ગણરાજ્યની સભામાં સભ્ય તરીકે માત્ર વૃદ્ધોની જ પસંદગી થતી.

76. ગણરાજ્યના સમયમાં લોકો સાદાં ઘરોમાં રહેતા હતા.

77. ગણસભામાં બધાં જ કામકાજ બહુમતીથી પસાર કરવામાં આવતાં..

78. ગણરાજ્ય સમયમાં પશુપાલકો કરના ભાગરૂપે અનાજ આપતા હતા.

79. ગણરાજ્યો પોતાના રાજ્યના સંરક્ષણ માટે લાપરવાહ હતા.

80. રાજાશાહી રાજતંત્રમાં બુદ્ધના સમયમાં કોસલ શક્તિશાળી રાજ્ય બન્યું હતું.

**4 જોડકા જોડો** **(Marks - 12)**

81. 'અ' વિભાગમાં આપેલાં રાજ્યોનાં નામ સામે 'બ' વિભાગમાં આપેલ રાજધાનીઓનાં યોગ્ય નામ જોડી ઉત્તર લખો :

| | | |
|---|---|---|
| 1. | મગધ | (1) કૌશામ્બી |
| 2. | ગાંધાર | (2) ઉજ્જયિની |
| 3. | વત્સ | (3) રાજગૃહ |
| 4. | અવંતિ | (4) તક્ષશિલા |

82. બંધબેસતાં જોડકાં રચો :

| | | |
|---|---|---|
| 1. | લિચ્છવી | (1) મિથિલા |
| 2. | શાક્ય | (2) ઇન્દ્રપ્રસ્થ |
| 3. | વિદેહ | ( 3) કુશીનારા |
| 4. | મલ્લ | (4) કપિલવસ્તુ |

83. બંધબેસતાં જોડકાં રચો :

| | | |
|---|---|---|
| 1. | અંગ | (1) અહિછત્ર, કામ્પિલ્ય |
| 2. | પાંચાલ | ( 2 ) લાજપુર |
| 3. | સૂરસેન | (3) ચંપા |
| 4. | કમ્બોજ | (4) સુક્તિમતી |

84. બંધબેસતાં જોડકાં રચો :

| | | |
|---|---|---|
| 1. | વત્સ | (1) માળવાનો પ્રદેશ |
| 2. | અવંતિ | (2) ઉત્તર બિહાર |
| 3. | મત્સ્ય | (3)નૈઋત્ય કશ્મીર આસપાસનો પ્રદેશ |
| 4. | કમ્બોજ | 4) અલાહાબાદ આસપાસનો (ઉત્તર પ્રદેશ) |

**5 નીચેના પ્રશ્નોનાં એક વાક્યમાં ઉત્તર આપો** **(Marks - 14)**

85. ભારતની રાજકીય વ્યવસ્થા અને સંસ્થાઓ વિશેની માહિતી કયા કયા ગ્રંથોમાંથી મળે છે ?

86. વૈદિકકાળમાં કઈ કઈ રાજકીય સંસ્થાઓ અસ્તિત્વમાં હતી ?

87. પ્રારંભિક રાજ્યવ્યવસ્થામાં સમુદાય બીજા કયા નામે ઓળખવામાં આવતો ?

88. ભારતમાં પ્રારંભિક રાજ્યોની સ્થાપના કયા વિસ્તારમાં ક્યારે થઈ હતી ?

89. 'જનપદ' એ કેવા પ્રકારની રાજયવ્યવસ્થા હતી?

90. મહાજનપદોમાં કયા બે પ્રકારની શાસનવ્યવસ્થા હતી?

91. વર્તમાન સમયમાં કુરુ મહાજનપદનો સીમાવિસ્તાર કોને ગણવામાં આવે છે?

92. ભારતમાં મહાજનપદોનો સમયકાળ કયો ગણવામાં આવે છે?

93. સત્તા માટે ક્યાં ક્યાં રાજ્યતંત્રો વચ્ચે હરીફાઈ થતી?

94. હર્યકવંશમાં કયા બે મહાન રાજાઓ થઈ ગયા?

BHAVDIP VADHER

95. મગધની રાજધાની કોણે, ક્યાં બદલી હતી?
96. અજાતશત્રુએ કોની સાથે યુદ્ધ કરી મગધનો રાજ્યવિસ્તાર કર્યો હતો?
97. ભારતનો સૌપ્રથમ સામ્રાજય નિર્માતા રાજા કયો હતો ?
98. અનુવૈદિકકાળમાં મગધ પર કયા ત્રણ બળવાન વંશોએ શાસન કર્યું હતું?
99. ગણરાજય કોને કહેવામાં આવે છે ? અથવા ગણરાજ્ય એટલે શું?
100. ગણરાજ્યોમાં કઈ કઈ પ્રજાનાં રાજ્યોનો સમાવેશ થાય છે ?
101. વજ્જિસંઘ ગણરાજ્યની સ્થાપના શા માટે કરવામાં આવી?
102. ગણરાજ્યને ગણતંત્ર શા માટે કહેવામાં આવતું ?
103. સંથાગાર' એટલે શું?
104. ગણરાજ્યોની સભામાં કયા કયા પ્રશ્નો ઉપર ચર્ચા થતી હતી ?
105. ગણરાજ્યના લોકો કયા કયા પાકો પકવતા?
106. ગણરાજયમાં કોણ કોણ રાજયને કર આપતું હતું?
107. ગણરાજય સમયનાં મળી આવેલાં કેટલાંક વાસણો કેવાં હતાં?
108. પારિભાષિક શબ્દોની સમજૂતી આપો :જનપદ
109. પારિભાષિક શબ્દોની સમજૂતી આપો :રાજ્યતંત્ર
110. પારિભાષિક શબ્દોની સમજૂતી આપો :ગણરાજ્ય
111. પારિભાષિક શબ્દોની સમજૂતી આપો :ગણતંત્ર
112. પારિભાષિક શબ્દોની સમજૂતી આપો :સંથાગાર

**6 નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો** **(Marks - 14)**

113. મહાજનપદના શાસકો મજબૂત કિલ્લાઓ શા માટે બંધાવતા?
114. મગધ પર શાસન કરનાર વંશ તરીકે હર્યકવંશનો પરિચય આપો..
115. ગણરાજ્યોની શાસનવ્યવસ્થાની વિશેષતાઓ જણાવો.
116. ગણરાજ્યોનું સમાજજીવન વર્ણવો.
117. ટૂંક નોધ લખો : ગણરાજ્યોની શાસનવ્યવસ્થા
118. ટૂંક નોંધ લખો : ગણરાજ્યોનું સમાજજીવન
119. ટુંક નોંધ લખો : ગણરાજ્ય

**7 તફાવત આપો** **(Marks - 1)**

120. રાજાશાહી અને લોકશાહી રાજ્યવ્યવસ્થા વચ્ચેનો તફાવત ટૂંકમાં જણાવો.

## Best Of Luck

BHAVDIP VADHER

Subject : સામાજિક વિજ્ઞાન
Standard : ધોરણ 6
Chapter : 4

# ANSWERS

Exam Time : 3 Hours
Date : 19/05/2020
Marks : 85

---

## 1 યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો (Marks - 20)

1. 16
2. અનુવૈદિક
3. વૈશાલી
4. બે
5. ભગવદ્ગીતામાંથી
6. કબિલાઈ શાસનવ્યવસ્થાનું
7. રાજ્યના
8. 16
9. 'અંગુત્તરનિકાય'
10. કુશીનારા
11. કોસલ
12. કુરુનો
13. અશ્મકનો
14. મત્સ્યની
15. રાજાને
16. મગધ
17. વૈશાલી
18. મગધ
19. બિંદુસારે
20. અજાતશત્રુના
21. શિશુનાગ
22. મહાપદ્મનંદ
23. ધનનંદ
24. લોકો પર
25. ‘રાજા'નો
26. વૈશાલી
27. કોસલ
28. સભ્યો પાસે
29. સંથાગાર
30. રાજા
31. લોકશાહી
32. કાર્યવાહક સમિતિ
33. છઠ્ઠો
34. પશુઓ
35. ચેદિનો



BHAVDIP VADHER

36. ગાંધાર
37. અવંતિ
38. અશ્મક
39. સૈનિક
40. પડી રહેલી ઇંટોનો ઉપયોગ કરવા માટે

**2 ખાલી જગ્યા પૂરો** **(Marks - 10)**

41. રાજન્ય
42. રાજ્ય
43. મલ્લ
44. વૈશાલી
45. પાલિ.
46. રાજગૃહ (ગિરિત્ર)
47. ગંગા, શોણ
48. પાટલિપુત્ર (પટેના)
49. નંદવંશ
50. સમૂહ
51. ગણરાજ્ય
52. વૈશાલી
53. સભ્યો
54. સંથાગાર
55. માટી
56. ચિત્રિત ધુસરપાત્ર
57. પ્રયાગરાજ
58. રાજધાની
59. કારીગર
60. લોખંડ

**3 નીચેના વિધાન ખરા છે કે ખોટા તે જણાવો** **(Marks - 10)**

61. ખરું (True)
62. ખોટું (False)
63. ખોટું (False)
64. ખરું (True)
65. ખોટું (False)
66. ખરું (True)
67. ખોટું (False)
68. ખોટું (False)
69. ખરું (True)
70. ખરું (True)
71. ખરું (True)
72. ખરું (True)



BHAVDIP VADHER

73. ખોટું (False)

74. ખોટું (False)

75. ખોટું (False)

76. ખરું (True)

77. ખરું (True)

78. ખોટું (False)

79. ખોટું (False)

80. ખોટું (False)

**4 જોડકા જોડો** **(Marks - 12)**

81. (1 - 3), (2 -4), (3 -1), (4 -2).
82. (1 - 5), (2 - 4), (3-1), (4 - 3).
83. (1 - 3), (2 - 1), (3-5), (4 - 2).
84. (1-4), (2 -1), (3 - 5), (4 -3),

**5 નીચેના પ્રશ્નોનાં એક વાક્યમાં ઉત્તર આપો** **(Marks - 14)**

85. ભારતની રાજકીય વ્યવસ્થા અને સંસ્થાઓ વિશેની માહિતી વેદો, મહાકાવ્યો અને બૌદ્ધગ્રંથોમાંથી મળે છે.
86. વૈદિક કાળમાં સભા અને સમિતિ નામની રાજકીય સંસ્થાઓ અસ્તિત્વમાં હતી.
87. પ્રારંભિક રાજ્યવ્યવસ્થામાં સમુદાય 'વિશ' નામથી ઓળખવામાં આવતો.
88. ભારતમાં પ્રારંભિક રાજ્યોની સ્થાપના ઈ. સ. પૂર્વે એક હજારની આસપાસ પંજાબ અને ગંગા નદીના વિસ્તારમાં થઈ હતી.
89. જનપદ એ ઋગ્વેદકાલીન કબિલાઈ સમાજથી બહુ વિશિષ્ટ રીતે વિકાસ પામેલી રાજ્યવ્યવસ્થા હતી.
90. મહાજનપદોમાં આ બે પ્રકારની શાસનવ્યવસ્થા હતી : (1) રાજાશાહી અને (2) લોકશાહી.
91. વર્તમાન સમયમાં દિલ્હી અને મેરઠ આસપાસના પ્રદેશને કુરુ મહાજનપદનો સીમાવિસ્તાર ગણવામાં આવે છે.
92. ભારતમાં અનુવૈદિકકાળને મહાજનપદોનો સમયકાળ ગણવામાં આવે છે.
93. સત્તા માટે મગધ, કોસલ, વત્સ અને અવંતિ રાજ્યતંત્રો વચ્ચે હરીફાઈ થતી.
94. હર્યકવંશમાં બિંબિસાર અને અજાતશત્રુ નામના બે છે મહાન રાજાઓ થઈ ગયા.
95. મગધની રાજધાની રાજગૃહ (ગિરિધ્વજ) હતી. પરંતુ અજાતશત્રુએ રાજગૃહને બદલીને પાટલિપુત્ર(પટના)ને મગધની રાજધાની બનાવી હતી.
96. અજાતશત્રુએ વજિસંઘ સાથે યુદ્ધ કરી, લિચ્છવીઓને હરાવી મગધનો રાજ્યવિસ્તાર કર્યો હતો.
97. ભારતનો સૌપ્રથમ સામ્રાજ્ય નિર્માતા નંદવંશનો રાજા મહાપદ્મનંદ હતો.
98. અનુવૈદિકકાળમાં મગધ પર આ ત્રણ બળવાને વંશોએ શાસન કર્યું હતું : (1) હર્યકવંશ, (2) નાગવંશ અને ( 3 ) નંદવંશ.
99. લોકો દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ પદ્ધતિથી ચૂંટાયેલા વડા દ્વારા શાસિત રાજ્યને ગણરાજ્ય કહેવામાં આવે છે.
100. ગણરાજ્યોમાં વૈશાલીના લિચ્છવી, કપિલવસ્તુના શાક્ય, મિથિલાના વિદેહ, કુશીનારાના મૂલ્લ વગેરે પ્રજાનાં રાજ્યોનો સમાવેશ થાય છે.
101. રાજતંત્રી મહારાજ્યો પોતાની સત્તા વધારીને સામ્રાજ્ય સ્થાપવા મહત્ત્વાકાંક્ષી બન્યાં હતાં. આ સંજોગોમાં લિચ્છવી, વજ્જિ, જ્ઞાતુક, વિદેહ, શાક્ય, મલ્લ વગેરે આઠ કે નવ જાતિના લોકોએ પોતાના રક્ષણ માટે વજ્જિસંઘ ગણરાજ્યની સ્થાપના કરી.
102. ગણરાજ્યના રાજ્યવહીવટનું સંચાલન ગણસભા દ્વારા કરવામાં આવતું હતું. તેથી તેને ગણતંત્ર કહેવામાં આવતું.
103. ગણરાજ્યોએ રચેલા ગણરાજ્યસંઘની સભા જે સ્થળે યોજાતી તે સ્થળને સંથાગાર (નગરભવન) કહેવામાં આવતું.
104. ગણરાજ્યોની સભામાં વહીવટ, સંરક્ષણ, યુદ્ધ, સંધિ જેવા મહત્ત્વના પ્રશ્નો ઉપર ચર્ચા થતી હતી
105. ગણરાજ્યના લોકો ઘઉં, ચોખા, જવ, શેરડી, તલ, સરસવ, કઠોળ વગેરે પાકો પકવતો.
106. ગણરાજ્યમાં ખેડૂત, કારીગરવર્ગ, પશુપાલકો અને વેપારીઓ રાજ્યને કર આપતા હતા .
107. ગણરાજ્ય સમયનાં મળી આવેલાં કેટલાંક વાસણો ભૂખરા રંગથી ચિત્રકામ કરેલાં (ધૂસરપાત્રો) હતાં.

BHAVDIP VADHER

108. 'જનપદ' એટલે માણસના વસવાટનું એક ક્ષેત્ર કે સ્થાન .

109. જે શાસનમાં રાજા મુખ્ય ગણવામાં આવે તેને રાજ્યતંત્ર કહેવાય.

110. લોકો દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ પદ્ધતિથી ચૂંટાયેલા વડા દ્વારા શાસિત રાજ્યને ગણરાજ્ય કહેવામાં આવે છે.

111. ગણરાજ્યના રાજ્યવહીવટનું સંચાલન ગણસભા દ્વારા કરવામાં આવતું હતું. તેથી તેને ગણતંત્ર કહેવામાં આવતું.

112. ગણરાજ્યોએ રચેલા ગણરાજ્યસંઘની સભા જે સ્થળે યોજાતી તે સ્થળને સંથાગાર (નગરભવન) કહેવામાં આવતું.

**6 નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો** **(Marks - 14)**

113. ગણરાજ્ય સમયના રાજતંત્રી મહારાજ્યો પોતાની આસપાસના પ્રદેશો પર સત્તા વધારવા અને સામ્રાજ્ય સ્થાપવાની મહત્ત્વાકાંક્ષા ધરાવતાં હતાં. આ સંજોગોમાં મહાજનપદોના શાસકો પોતાના રાજ્યના સંરક્ષણ અને વિશાળ સેના માટે રાજધાનીની. આસપાસ પથ્થરો અને ઈંટોના મુજબૂત તથા ઊંચા કિલ્લાઓ બંધાવતા. આ ઉપરાંત, કેટલાક રાજાઓ પોતાની શક્તિ અને સમૃદ્ધિનું પ્રદર્શન કરવા માટે પોતાના રાજ્યની ફરતે વિશાળ, ઊંચી અને ભવ્ય દીવાલો બંધાવતા.

114. મગધ પર શાસન કરનાર વંશોમાં હર્યવંશ ખૂબ બળવાન હતો. બિંબિસારે. હર્યકવંશની સ્થાપના કરી હતી. તેના સમયમાં રાજગૃહ (ગિરિવ્રજ) મંગધની રાજધાની હતી, રાજગુહ ગંગા અને શોણ નદીના કિનારે હતી. બિબિસાર પછી તેનો પુત્ર અજાતશત્રુ મગધની ગાદીએ આવ્યો. તેણે રાજગૃહને બદલે પાટલિપુત્ર(પટના)ને રાજધાની બનાવી હતી, અજાતશત્રુએ વજ્જિસંઘ સાથે યુદ્ધ કરી, લિચ્છવીઓને હરાવી મગધનો રાજ્યવિસ્તાર કર્યો હતો.

115. ગણરાજ્યોની શાસનવ્યવસ્થાની મુખ્ય વિશેષતાઓ નીચે પ્રમાણે હતી : (1) ગણરાજ્યોનો વહીવટ સભા કરતી.વહીવટની બધી સત્તા સભાના સભ્યો ભોગવતા. (2) સભાના સભ્યો તરીકે વૃદ્ધો અને યુવાનોને પસંદ કરવામાં આવતા.(3) ગણરાજ્યમાં દરેક સભ્ય રાજા ગણાતો. દરેક સભ્ય ચોક્કસ સમય સુધી સભાનું સભ્યપદ ભોગવતો. (4) સભાનું સ્થળ 'સંથાગાર' (નગરભવન)તરીકે ઓળખાતું. (5) ગણરાજ્યનો રાજ્યવહીવટ કરવા માટે સભા ચૂંટણી દ્વારા પ્રમુખની પસંદગી કરતી. (6) સભ્યોની એક કાર્યવાહક સમિતિ પ્રમુખને રાજ્યવહીવટમાં મદદ કરતી.(7) સભામાં રાજ્યવહીવટ, સંરક્ષણ, યુદ્ધ, સંધિ જેવા મહત્ત્વનાપ્રશ્નો પર ચર્ચા કરવામાં આવતી અને બહુમતી કે સર્વાનુમતીએ નિર્ણય લેવામાં આવતો.આમ, ગણરાજ્યોની શાસનવ્યવસ્થા સંપૂર્ણપણે લોકો પર આધારિત હતી.

116. ( 1 ) ગણરાજ્યોના લોકો સામાન્ય રીતે સાદાં ઘરોમાં રહેતા હતા. ( 2 ) તેઓ પશુપાલન કરતા હતા. (3) લોકો ઘઉં,ચોખા, જવ, શેરડી, તલ, સરસવ, કઠોળ વગેરે પાકો પકવતા હતા. (4) તેઓ માટીનાં વાસણોનો વધારે ઉપયોગ કરતા. (5) વાસણો પર તેઓ ચિત્રકામ કરતા હતા, જે "ચિત્રિત ધસરપાત્રો' તરીકે ઓળખાતાં. ( 6) રાજાઓ પોતાના રાજ્યની રાજધાનીની આસપાસ પથ્થરો અને ઈંટોના મજબૂત અને ઊંચા કિલ્લાઓ બાંધતા. તેનાથી લાખો લોકોને આજીવિકા મળતી.(7) ખેડૂતો પોતાની જમીનની ઊપજનો છઠ્ઠો ભાગ કરરૂપે રાજકોષમાં આપતા. (8) કારીગરી એક મહિનામાં એક દિવસ રાજ્યનું કામ કરતા. (9) પશુપાલકો રાજાને પશુઓ કરરૂપે આપતા. (10) વેપારીઓ રાજાને માલસામાનના ખરીદ-વેચાણપર કર આપતા. (11) આ સમય દરમિયાન ખેડૂતો જમીન ખેડવા માટે હળમાં લોખંડની કોશનો ઉપયોગ કરતા હતા. તેથી ઊંડાણથી ખેડ થતી. પરિણામે પાક સારી રીતે ઊગતો. (12) આ સમયમાં બીજ આધારિત ખેતીમાં પરિવર્તન આવ્યું. ખેડૂતો બીજની વાવણીની સાથે છોડના રોપા દ્વારા પણ ખેતી કરવા લાગ્યા. અગાઉની સરખામણીમાં છોડનો ઉછેર વધુ સંખ્યામાં થવા લાગ્યો.

117. ગણરાજ્યોની શાસનવ્યવસ્થાની મુખ્ય વિશેષતાઓ નીચે પ્રમાણે હતી : (1) ગણરાજ્યોનો વહીવટ સભા કરતી.વહીવટની બધી સત્તા સભાના સભ્યો ભોગવતા. (2) સભાના સભ્યો તરીકે વૃદ્ધો અને યુવાનોને પસંદ કરવામાં આવતા.(3) ગણરાજ્યમાં દરેક સભ્ય રાજા ગણાતો. દરેક સભ્ય ચોક્કસ સમય સુધી સભાનું સભ્યપદ ભોગવતો. (4) સભાનું સ્થળ 'સંથાગાર' (નગરભવન)તરીકે ઓળખાતું. (5) ગણરાજ્યનો રાજ્યવહીવટ કરવા માટે સભા ચૂંટણી દ્વારા પ્રમુખની પસંદગી કરતી. (6) સભ્યોની એક કાર્યવાહક સમિતિ પ્રમુખને રાજ્યવહીવટમાં મદદ કરતી.(7) સભામાં રાજ્યવહીવટ, સંરક્ષણ, યુદ્ધ, સંધિ જેવા મહત્ત્વનાપ્રશ્નો પર ચર્ચા કરવામાં આવતી અને બહુમતી કે સર્વાનુમતીએ નિર્ણય લેવામાં આવતો.આમ, ગણરાજ્યોની શાસનવ્યવસ્થા સંપૂર્ણપણે લોકો પર આધારિત હતી.

BHAVDIP VADHER

118. ( 1 ) ગણરાજ્યોના લોકો સામાન્ય રીતે સાદાં ઘરોમાં રહેતા હતા. ( 2 ) તેઓ પશુપાલન કરતા હતા. (3) લોકો ઘઉં,ચોખા, જવ, શેરડી, તલ, સરસવ, કઠોળ વગેરે પાકો પકવતા હતા. (4) તેઓ માટીનાં વાસણોનો વધારે ઉપયોગ કરતા. (5) વાસણો પર તેઓ ચિત્રકામ કરતા હતા, જે "ચિત્રિત ધસરપાત્રો' તરીકે ઓળખાતાં. ( 6) રાજાઓ પોતાના રાજ્યની રાજધાનીની આસપાસ પથ્થરો અને ઈંટોના મજબૂત અને ઊંચા કિલ્લાઓ બાંધતા. તેનાથી લાખો લોકોને આજીવિકા મળતી.(7) ખેડૂતો પોતાની જમીનની ઊપજનો છઠ્ઠો ભાગ કરરૂપે રાજકોષમાં આપતા. (8) કારીગરી એક મહિનામાં એક દિવસ રાજ્યનું કામ કરતા. (9) પશુપાલકો રાજાને પશુઓ કરરૂપે આપતા. (10) વેપારીઓ રાજાને માલસામાનના ખરીદ-વેચાણપર કર આપતા. (11) આ સમય દરમિયાન ખેડૂતો જમીન ખેડવા માટે હળમાં લોખંડની કોશનો ઉપયોગ કરતા હતા. તેથી ઊંડાણથી ખેડ થતી. પરિણામે પાક સારી રીતે ઊગતો. (12) આ સમયમાં બીજ આધારિત ખેતીમાં પરિવર્તન આવ્યું. ખેડૂતો બીજની વાવણીની સાથે છોડના રોપા દ્વારા પણ ખેતી કરવા લાગ્યા. અગાઉની સરખામણીમાં છોડનો ઉછેર વધુ સંખ્યામાં થવા લાગ્યો.

119. ગણરાજ્ય પ્રાચીન રાજ્યવ્યવસ્થા અને શાસનપદ્ધતિનું નોંધપાત્ર લક્ષણ હતું. ગણરાજ્ય એટલે લોકો દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ પદ્ધતિ વડે ચુંટાયેલા વડા દ્વારા શાસિત રાજ્ય. 'ગણ 'નો સામાન્ય અર્થ 'સમૂહ' થાય છે. એટલે કે એક કરતાં વધારે સભ્યોના સમૂહથી ચાલતા શાસનને ગણરાજ્ય કહી શકાય. અનુવૈદિકકાળમાં એવાં કેટલાંક રાજ્યો હતાં કે જેમાં રાજ્યના વડાને (પ્રમુખ કે રાજા) પ્રજા દ્વારા ચૂંટવામાં આવતો. આવાં રાજ્યોને 'ગણરાજ્યો' કહેવામાં આવતાં, તેમાં વૈશાલીના લિચ્છવી, કપિલવસ્તુના શાક્યો, મિથિલાના વિદેહ, કુશીનારાના મલ્લો વગેરે પ્રજાનાં ગણરાજ્યોનો સમાવેશ થતો હતો. ગણરાજ્યની રાજ્યવ્યવસ્થામાં પ્રત્યેક સભ્યને 'રાજા' જેવો દરજ્જો આપવામાં આવતો. રાજાની બધી સત્તા સભ્યો પાસે રહેતી. ગણસભામાં કોઈ પણ બાબતની ચર્ચા કરીને બહુમતથી પસાર થાય પછી જ નિર્ણય લેવામાં આવતો, ગણરાજ્યની સભામાં સભ્યો તરીકે યુવાનો તેમજ વૃદ્ધોની પસંદગી કરવામાં આવતી. રાજ્યવહીવટ માટે પ્રમુખની પસંદગી ચૂંટણી દ્વારા કરવામાં આવતી. રાજ્યતંત્રોની સામે ટકી રહેવા કેટલીક જાતિઓએ ભેગા થઈને એક સંઘરાજ્ય બનાવ્યું હતું, જે વજ્જિસંઘ ગણરાજ્ય તરીકે ઓળખાયું હતું.

**7 તફાવત આપો** **(Marks - 1)**

120.

| | રાજાશાહી રાજ્યવ્યવસ્થા | લોકશાહી રાજ્યવ્યવસ્થા |
|---|---|---|
| 1. | રાજાશાહી રાજ્યવ્યવસ્થામાં રાજા મુખ્ય હોય છે. | લોકશાહી વ્યવસ્થામાં લોકો દ્વારા ચૂંટાયેલ પ્રતિનિધિઓ મુખ્ય હોય છે. |
| 2. | રાજાશાહીમાં રાજા સર્વોપરી હોય છે. | લોકશાહીમાં ગૃહનો વડો (પ્રમુખ) મુખ્ય હોય છે. |
| 3. | તેમાં રાજાને રાજ્યવહીવટમાં મદદ કરનાર પ્રધાનમંડળ હોય છે. | તેમાં પ્રમુખ (ગૃહ) નો રાજ્યવહીવટમાં મદદ કરનાર મંત્રીમંડળ હોય છે. |
| 4. | તેમાં રાજાનું પદ વંશપરંપરાગત હોય છે. | તેમાં પ્રદેશની પ્રજા પોતાના પ્રતિનિધિઓ ચૂંટે છે. |

BHAVDIP VADHER